**ગુજરાત માહિતી આયોગ,**
કર્મયોગી ભવન, બ્લોક નં. ૧, બીજો માળ,
સેકટર-૧૦-એ, ગાંધીનગર

**માહિતી અધિકાર અધિનિયમ-૨૦૦૫ ની કલમ-૧૯ હેઠળ અપીલ બાબત.**
**અપીલ નં- અ-૨૦૯૮-૨૦૨૨**

| | | |
|---|---|---|
| વિવાદી | : | **શ્રી અમિતકુમાર મનહરભાઈ પારેખ**<br>**પારેખની ખડકી,**<br>**મુ. ચાંગા,**<br>**તા. પેટલાદ**<br>**જી. આણંદ - ૩૮૮૪૨૧**<br>**વિરુધ્ધ** |
| પ્રતિવિવાદી | : | **(૧) જાહેર માહિતી અધિકારીશ્રી**<br>**(રજીસ્ટ્રારશ્રી)**<br>**ચરોતર યુનિવર્સિટી ઓફ સાયન્સ એન્ડ ટેકનોલેજી**<br>**ચારૂસટ કેમ્પસ, ચાંગા**<br>**તા. આણંદ**<br>**જી. આણંદ - ૩૮૮૪૨૧**<br>**(૨) અપીલ સત્તાધિકારીશ્રી**<br>**(કુલસચિવશ્રી)**<br>**ચરોતર યુનિવર્સીટી સાયન્સ અને ટેકનોલોજી**<br>**ચારૂસેટ કેમ્પસ, ચાંગા**<br>**તા. આણંદ**<br>**જી. આણંદ - ૩૮૮૪૨૧** |

**તા. ૧૪/૯/૨૦૨૨**

**શ્રી કે. એમ. અધ્વર્યુ, રાજ્ય માહિતી કમિશનર**
ગુજરાત રાજ્ય સમક્ષ

વિવાદીએ તા.૨૮-૧૨-૨૦૨૧ની નમૂના-કની અરજીથી ચાંગા જી.આણંદમાં આવેલી ચરોતર યુનિવર્સિટી ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજી (ચારૂ સેટ)ને શિક્ષણ વિભાગ ગાંધીનગર દ્વારા કુલ કેટલી અને કઇ કઇ ફેક્લ્ટી ભણાવવા માટે જે શરતોને આધિન માન્યતા આપવામાં આવેલ તેના તમામ આધાર પુરાવા, ઠરાવ, હુકમની નકલો, કુલ કેટલા વિદ્યાર્થીઓની સીટ ફાળવેલ છે, કેટલી ફી ભરવાની થાય છે, મેનેજમેન્ટ ક્વોટામાં કેટલી ફી ભરવાની થાય છે સહિતની નમૂના-કની અરજીમાં જણાવેલ અન્ય માહિતીની માગણી કરી હતી.

જાહેર માહિતી અધિકારીએ તા.૨૯-૧-૨૦૨૨, તા.૨૨-૩-૨૦૨૨ અને તા.૨૭-૪-૨૦૨૨ના પત્રોથી વિવાદીને માહિતી/નિર્ણય આપેલ. દરમિયાનમાં વિવાદીએ તા.૧૨-૨-૨૦૨૨ના રોજ પ્રથમ અપીલ સત્તાધિકારીને માહિતીનો અધિકાર અધિનિયમ-૨૦૦૫ની કલમ-૧૯(૧) હેઠળ પ્રથમ અપીલ કરેલ હતી. પ્રથમ અપીલ સત્તાધિકારીએ તા.૨૨-૩-૨૦૨૨ના રોજ હુકમ કરેલ. તે હુકમથી નારાજ થઇ વિવાદીએ આયોગમાં તા.૨૯-૩-૨૦૨૨ ના રોજ બીજી અપીલ અરજી દાખલ કરેલ.

૨. તા.૧૪-૯-૨૦૨૨ ના રોજ આયોગ ખાતે વિડીયો કોન્ફરન્સના માધ્યમથી સુનાવણી હાથ ધરવામાં આવી. સુનાવણીમાં વિવાદી શ્રી અમિતકુમાર મનહરભાઇ પારેખ હાજર રહેલ છે. પ્રતિવિવાદી પક્ષે જાહેર માહિતી અધિકારી અને રજીસ્ટ્રાર, ચરોતર યુનિવર્સિટી ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજી, ચાંગા,તા.જી.આણંદ તેમજ પ્રથમ અપીલ સત્તાધિકારી અને કુલસચિવ, ચરોતર યુનિવર્સિટી ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજી, ચારૂસેટ કેમ્પસ ચાંગા, તા.જી.આણંદ વતી શ્રી રાજેન્દ્ર સોલંકી, ફરજ પરના અધિકારી, ચરોતર યુનિવર્સિટી ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજી, ચારૂસેટ કેમ્પસ ચાંગા, આણંદ હાજર રહેલ છે.

૩. સુનાવણી દરમિયાન જાહેર માહિતી અધિકારી અને રજીસ્ટ્રાર, ચરોતર યુનિવર્સિટી ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજી, ચાંગા,તા.જી.આણંદ દ્વારા રજૂઆત કરવામાં આવી કે વિવાદીએ તારીખ ૨૮-૧૨-૨૦૨૧ની નમૂના-કની અરજીથી ચરોતર યુનિવર્સિટી ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજીને લગતી વિવિધ મુદ્દાઓ પરત્વે માહિતીની માગણી કરી હતી. ચરોતર યુનિવર્સિટી ઓફ સાયન્સ એન્ડ

ટેકનોલોજી, ચારુસેટ કેમ્પસ ચાંગા એ ખાનગી યુનિવર્સિટી છે અને રાજય સરકાર કે કેન્દ્ર સરકાર તરફથી કોઇ ગ્રાન્ટ ચરોતર યુનિવર્સિટી ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજીને આપવામાં આવતી નથી. આમ સદર યુનિવર્સિટી રાજય સરકાર કે કેન્દ્ર સરકારની કોઇ ગ્રાન્ટ મેળવતી ન હોઇ, માહિતીનો અધિકાર અધિનિયમ-૨૦૦૫ની કલમ-૨(ઝ) અનુસાર તેનો સમાવેશ જાહેર સત્તા મંડળની વ્યાખ્યામાં સમાવેશ થતો ન હોઇ, વિવાદીની નમૂના-કની અરજી સંદર્ભે કોઇ માહિતી પૂરી પાડવાની રહેતી નથી તેવો સ્પષ્ટ જવાબ તારીખ ૨૨-૩-૨૦૨૨ અને તારીખ ૨૩-૪-૨૦૨૨ના પત્રથી વિવાદીને પાઠવવામાં આવ્યો હતો.

૪. વિવાદીની તારીખ ૧૨-૨-૨૦૨૨ની પ્રથમ અપીલ અરજી સંદર્ભે કુલસચિવ, ચરોતર યુનિવર્સિટી ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજીના તારીખ ૨૨-૩-૨૦૨૨ના પત્રથી સ્પષ્ટ જવાબ પાઠવવામાં આવ્યો હતો કે ચરોતર યુનિવર્સિટી ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજીનો સમાવેશ માહિતીનો અધિકાર અધિનિયમ-૨૦૦૫ની કલમ-૨(ઝ) અનુસાર જાહેર સત્તામંડળની વ્યાખ્યામાં થતો ન હોવાથી નમૂના-કની અરજીના અનુસંધાને જવાબ આપવાનો રહેતો નથી.

૫. વિવાદી દ્વારા રજૂઆત કરવામાં આવી કે અન્ય એક કેસમાં શિક્ષણ વિભાગે કોઇપણ ખાનગી યુનિવર્સિટીમાં જાહેર માહિતી અધિકારી અને પ્રથમ અપીલ અધિકારીની નિમણૂક કરવા પરિપત્ર કરેલ છે. જો કે શિક્ષણ વિભાગનો જે પણ પરિપત્ર હોય પરંતુ જયારે ચરોતર યુનિવર્સિટી ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજી રાજય સરકાર કે કેન્દ્ર સરકારની કોઇ ગ્રાન્ટ મેળવતી ન હોય ત્યારે તેનો સમાવેશ જાહેર સત્તા મંડળમાં થતો નથી. અગાઉ તારીખ ૨૩-૧૨-૨૦૧૯ની અપીલ નંબર અ-૯૪૧૧-૨૦૧૮ના ચુકાદાથી પણ આ યુનિવર્સિટીનો સમાવેશ જાહેર સત્તા મંડળની વ્યાખ્યામાં થતો ન હોવાથી અપીલ નામંજૂર કરવામાં આવી હતી. તે જ પ્રમાણે આયોગ વિવાદીની બીજી અપીલ અરજીનો પણ નિકાલ કરે છે અને યુનિવર્સિટી તરફથી કોઇ જવાબ વિવાદીને પાઠવવાનો રહેતો નથી એમ ઠરાવવામાં આવે છે.

૬. પ્રસ્તુત અપીલ પરત્વે વિશેષ કાર્યવાહી અપેક્ષિત ન હોઇ, વિવાદીની બીજી અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

**(કે. એમ. અધ્વર્યુ)**
**રાજય માહિતી કમિશનર**
**ગુજરાત માહિતી આયોગ,**
**ગાંધીનગર**

મુકાબલ કરનાર                                        પ્રમાણિત કરનાર

કાયદા અધિકારી
ગુજરાત માહિતી આયોગ
ગાંધીનગર

નાયબ સચિવ
ગુજરાત માહિતી આયોગ
ગાંધીનગર

CITIZENS HAVE RIGHT TO INFORMATION
GANDHINAGAR